બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ 1921-2021

1819-2019 વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ

# યુવા અધિવેશન ૨૦૧૯

## નિયમાવલી

(અધિવેશનની રૂપરેખા તથા નિયમો)

BAPS

સત્સંગ પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય

મહાન વૈજ્ઞાનિક આઈનસ્ટાઈનને કોઈએ પૂછ્યું, 'કોઈપણ કાર્યમાં સફળ થવા શું કરવું જોઈએ ?'

આઈન્સ્ટાઈને સફળતાનાં સાત પગથિયાં બતાવ્યાં.




(૧) ધ્યેય
(૨) શ્રદ્ધા
(૩) આયોજન
(૪) પુરુષાર્થ
(૫) પુરુષાર્થ
(૬) પુરુષાર્થ
(૭) પુરુષાર્થ

યુવા/યુવતી અધિવેશનમાં સ્પર્ધક તરીકે સફળ થવું છે ? તો ધ્યેય નક્કી કરો, ધ્યેયમાં શ્રદ્ધા રાખો, આયોજન કરો અને પછી મંડી પડો. અને હા, રખે મહારાજ-સ્વામી અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજને ભૂલતા... એના માટે સતત પ્રાર્થના કરો. તો સફળતાનાં શિખરો અવશ્ય સર કરી શકશો જ.

# યુવા અધિવેશન - ૨૦૧૯

## અધિવેશનની રૂપરેખા તથા નિયમો

● **હેતુ :**

૧. યુવકો/યુવતીઓના સત્સંગની વિશેષ દૃઢતા થાય.

૨. યુવકો/યુવતીઓની સુષુપ્ત શક્તિઓ ભગવાનને માર્ગે ઉપયોગ થાય જાગ્રત થાય અને તેમના વ્યક્તિત્વનો વિકાસ થાય.

૩. યુવકો/યુવતીઓને વચનામૃતનો અભ્યાસ થાય.

● **અધિવેશનમાં કોણ ભાગ લઈ શકશે :**

૧. ૧૪ થી ૨૭ વર્ષનાં યુવકો/યુવતીઓ અથવા ધો. ૯થી પોસ્ટ ગ્રેજ્યુએટ તથા ૨૭ વર્ષ સુધીનાં યુવકો/યુવતીઓ ભાગ લઈ શકશે.

૨. રજીસ્ટર્ડ તથા પી.આર. યુવક મંડળનાં યુવકો/યુવતીઓ તથા સંયુક્ત મંડળમાં જતાં યુવકો/યુવતીઓ ભાગ લઈ શકશે. જ્યાં યુવક મંડળ ચાલતું ન હોય તેવા ગામના સત્સંગી યુવકો/યુવતીઓ નજીકના યુવક મંડળમાંથી ભાગ લઈ શકશે.

૩. છાત્રાલયના યુવકો છાત્રાલયમાંથી ભાગ લઈ શકશે.

● **લાયકાત :**

અધિવેશનમાં ભાગ લેનાર યુવકો/યુવતીઓ નીચેની લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૧. પૂજા : તિલક-ચાંદલા સહિત નિત્યપૂજા.

૨. સભા : યુવક/યુવતી સત્સંગ મંડળની સભામાં નિયમિત જતા હોવા જોઈએ.

૩. વ્યસન : તમાકુ, બીડી વગેરે વ્યસનોથી રહિત હોવા જોઈએ.

૪. નીચેનો પ્રાથમિક મુખપાઠ કરેલો હોવો જોઈએ.

(i) આરતી : જય સ્વામિનારાયણ...

(ii) અષ્ટક : 'કૃપા કરો મુજ ઉપરેથી... વંદુ સંત મહંતસ્વામી...'

● પ્રાથમિક મુખપાઠ મૌખિક રીતે માત્ર આંતરક્ષેત્રિય અધિવેશન સ્તર સુધી લેવામાં આવશે. અખિલ ભારતીય અધિવેશનમાં લેવામાં નહિ આવે.

● જે સ્પર્ધકનો ૭૦% પ્રાથમિક મુખપાઠ સાચો હશે તે સ્પર્ધક જ ઈનામને પાત્ર થશે.

● અખિલ ભારતીય અધિવેશનમાં ભાગ લેવા આંતરક્ષેત્રિય અધિવેશનમાં ૫૦% પ્રાથમિક મુખપાઠ સાચો હોવો જોઈએ.

● કોઈપણ સ્પર્ધામાં વિજેતા થવા માટે ઓછામાં ઓછાં ત્રણ વચનામૃતનો મુખપાઠ સાચો હોવો જોઈએ તથા પ્રશ્નોત્તરીમાં ૩૦ ટકા ગુણ હોવા જરૂરી છે.

● **વિભાગ :** તમામ ક્ષેત્રોને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.

(૧) ગ્રામ્ય વિભાગ અને (૨) શહેર વિભાગ (૩) છાત્રાલય વિભાગ

- દરેક વિભાગનાં પણ બે ગ્રુપ પડશે.

(૧) નીલકંઠ ગ્રુપ : ૧૪થી ૧૮ વર્ષ અથવા ધો.૯થી ૧૨ સુધીનાં યુવકો/યુવતીઓ નીલકંઠ ગ્રુપમાં ગણાશે.

(૨) સહજાનંદ ગ્રુપ : ૧૯થી ૨૭ વર્ષના યુવકો/યુવતીઓ સહજાનંદ ગ્રુપમાં ગણાશે. (અથવા ધો.૧૨ પછીથી છેક પોસ્ટ ગ્રેજ્યુએટ સુધી અને ઉંમર ૨૭ વર્ષ સુધીના યુવક/યુવતીઓ)

- એટલે કુલ ૬ વિભાગમાં સ્પર્ધાઓ થશે

(૧) ગ્રામ્ય વિભાગ : નીલકંઠ ગ્રુપ
(૨) ગ્રામ્ય વિભાગ : સહજાનંદ ગ્રુપ
(૩) શહેર વિભાગ : નીલકંઠ ગ્રુપ
(૪) શહેર વિભાગ : સહજાનંદ ગ્રુપ
(૫) છાત્રાલય વિભાગ : નીલકંઠ ગ્રુપ
(૬) છાત્રાલય વિભાગ : સહજાનંદ ગ્રુપ

● **કેટલા તબક્કામાં અધિવેશન યોજાશે :** બે તબક્કામાં અધિવેશન યોજાશે.

(૧) પ્રથમ તબક્કામાં **આંતરક્ષેત્રિય યુવા અધિવેશન** યોજાશે. સૂચિત તારીખ : ૧૮ થી ૨૦ મે, ૨૦૧૯

(૨) દ્વિતીય તબક્કામાં **અખિલ ભારતીય યુવા અધિવેશન** યોજાશે. સૂચિત તારીખ : ૧ થી ૪ જૂન, ૨૦૧૯.

- **નોંધ :** (૧) યુનિવર્સિટીની પરીક્ષાની તારીખોને અનુલક્ષીને અધિવેશનની તારીખો ફાઈનલ કરવામાં આવશે. (૨) શક્ય હશે તો ક્ષેત્રિય સ્તરે પણ અધિવેશનનું આયોજન થશે.

## ● વિવિધ સ્પર્ધાઓ ●

- **ફરજીયાત સ્પર્ધાઓ :**

(૧) વચનામૃત મુખપાઠ
(૨) વચનામૃત લેખિત પ્રશ્નોત્તરી
(૩) વચનામૃત મૌખિક પ્રશ્નોત્તરી

- **મરજીયાત સ્પર્ધાઓ :**

(૪) પ્રવચન અથવા નિરૂપણ સ્પર્ધા (એક સ્પર્ધકથી બેમાંથી એક સ્પર્ધામાં જ ભાગ લઈ શકાશે.)

(૫) નિબંધ સ્પર્ધા

(૬) પોસ્ટર સ્પર્ધા (અખિલ ભારતીય સ્તરે જ)

(૭) વીડિયો શો અથવા શોર્ટ ફિલ્મ મેકિંગ સ્પર્ધા (અખિલ ભારતીય સ્તરે જ) (બેમાંથી એક સ્પર્ધામાં જ ભાગ લઈ શકાશે.)

(૮) સંવાદ સ્પર્ધા

# ● સ્પર્ધાઓની રૂપરેખા તથા નિયમો ●

## ૧. વચનામૃત મુખપાઠ સ્પર્ધા

- સમગ્ર વચનામૃતમાંથી સિદ્ધાંત અને સાધનાલક્ષી મુખ્ય વચનો યુવાનોના જીવનમાં દૃઢ થાય તે હેતુસર મુખપાઠ માટે વચનામૃતનાં કેટલાંક ફકરાઓ પસંદ કરવામાં આવ્યા છે. તેની 'અમૃતસંચય' પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. પુસ્તિકામાં એક વચનામૃતના શીર્ષક હેઠળ લીધેલા તમામ ફકરાઓ એક વચનામૃત તરીકે ગણાશે.
- પુસ્તિકામાં ત્રણ વિભાગમાં મુખપાઠનાં વચનામૃતો આપેલા છે. **સૌપ્રથમ વિભાગ-Aનો મુખપાઠ કરવો. તેમાં પણ પુસ્તિકામાં આપેલ વચનામૃતોના અનુક્રમ મુજબ મુખપાઠ કરવો. વિભાગ-Aનો સંપૂર્ણ મુખપાઠ થઈ જાય તે પછી જ વિભાગ-B અને તે પછી જ વિભાગ-Cનો મુખપાઠ કરવો.**
- ત્રણ વિભાગથી વધુ મુખપાઠ માટેના વચનામૃતોનાં ફકરાઓ મધ્યસ્થ કાર્યાલયમાં દ્વારા baps.box.com/va19mukhp લીંક પરથી પ્રાપ્ત થશે. તેમાં આપેલા ક્રમ પ્રમાણે જ મુખપાઠ કરવો.
- **અનુક્રમમાં કરેલ મુખપાઠમાંથી** ઓછામાં ઓછા ૧૫ વચનામૃતનો મુખપાઠ સાચો પડશે તો તૃતીય શ્રેણીનું ઈનામ મળશે. ઓછામાં ઓછા ૩૦ વચનામૃતનો મુખપાઠ સાચો પડશે તો દ્વિતીય શ્રેણીનું ઈનામ મળશે અને ઓછામાં ઓછા ૪૫ વચનામૃતનો મુખપાઠ સાચો પડશે તો પ્રથમ શ્રેણીનું ઈનામ મળશે. ૪૫થી વધુ વચનામૃત સાચા પડે તો વિશિષ્ટ યોગ્યતાનું ઈનામ મળશે.
- સ્પર્ધા દરમ્યાન મુખપાઠ કરેલ દરેક વચનામૃતનો મુખપાઠ લઈ શકાય તેવી સમયની અનુકૂળતા ન હોવાથી મુખપાઠ કરેલ **દર ત્રણ વચનામૃત દીઠ કોઈપણ એક વચનામૃતનો** મુખપાઠ પૂછવામાં આવશે. જેમનો મુખપાઠ **વધારે હશે** તેમનો મુખપાઠ લેતી વખતે નિર્ણાયક ઈચ્છશે તો પાંચ વચનામૃતે એક વચનામૃત પૂછશે.
- મુખપાઠ સાચો છે કે ખોટો તે નિર્ણય કરવાનો અધિકાર નક્કી થયેલા ધારાધોરણોને અનુરૂપ સંપૂર્ણપણે નિર્ણાયક તથા વ્યવસ્થાપક કમિટિનો રહેશે. તેમાં કોઈ વાદ-વિવાદને અવકાશ નહિ હોય.

## ૨. વચનામૃત લેખિત પ્રશ્નોત્તરી

- પ્રશ્નોત્તરી માટે ‘અમૃતબિંદુ’ પુસ્તિકા તૈયાર કરવામાં આવશે.
- સ્પર્ધામાં કુલ બે પ્રશ્નપત્રો રહેશે.
- પ્રથમ પ્રશ્નપત્રમાં ‘અમૃતબિંદુ’ પુસ્તિકામાંથી પ્રશ્નો પૂછાશે.
- બીજા પ્રશ્નપત્રમાં મોબાઈલની વચનામૃત સ્ટડી એપમાંથી જવાબ શોધીને ઉત્તર લખવાના રહેશે. તે માટે સ્પર્ધકે પોતાનો મોબાઈલ ફોન સાથે રાખવાનો રહેશે.
- બીજા પ્રશ્નપત્રના ઉત્તરો લખવા માટે વચનામૃત સ્ટડી એપના તમામ ફીચર્સ તથા ઉપયોગો વિશે માહિતી અને તેની પ્રેક્ટીસ હોવી જરૂરી છે.
- બંને પ્રશ્નપત્રોમાં પ્રશ્નોના પ્રકાર નીચે મુજબ હશે.

  ૧) ખાલી જગ્યા પૂરો (૨) ખરાં-ખોટાં જણાવો (૩) સાચો વિકલ્પ પસંદ કરો.

## ૩. વચનામૃત મૌખિક પ્રશ્નોત્તરી (સમસ્યા અને સમાધાન)

**(૧) કૌટુંબીક તથા વ્યાવહારિક જીવનની સમસ્યાઓનું જેમાંથી સમાધાન મળતું હોય તેવાં વચનામૃતના લગભગ ૧૫ થી ૨૦ અવતરણ દરેક સ્પર્ધકને અગાઉથી આપવામાં આવશે.**

**(૨) સ્પર્ધા વખતે આ અવતરણો સ્પર્ધકે પોતાની સાથે રાખવાના છે.**

**(૩) સ્પર્ધા વખતે કૌટુંબીક કે વ્યાવહારિક ૩ સમસ્યાઓ સ્પર્ધકને લેખિત આપવામાં આવશે.**

**(૪) સ્પર્ધકને પૂછેલ દરેક સમસ્યાનું સમાધાન કયા વચનામૃતના અવતરણમાંથી કેવી રીતે મળી રહે છે તે ટૂંકમાં સ્પર્ધકે સમજાવવાનું રહેશે.**

**(૫) દરેક ઉત્તરના ૧૦માંથી ગુણ મળશે. અવતરણ સાચું પડે તો ૫ ગુણ મળશે. અને સમજૂતી જેટલા પ્રમાણમાં સાચી હશે તેટલા પ્રમાણમાં ૫ માંથી ગુણ મળશે.**

**(૬) પ્રશ્નોત્તરીનો સમય ૫ મિનિટનો રહેશે.**

## ૪. પ્રવચન સ્પર્ધા અથવા નિરૂપણ સ્પર્ધા

આ સ્પર્ધા મરજીયાત છે. પ્રવચન સ્પર્ધા અને નિરૂપણ સ્પર્ધામાંથી કોઈ એક સ્પર્ધામાં ભાગ લઈ શકાશે.

**(૪.૧) પ્રવચન સ્પર્ધા :** આ સ્પર્ધામાં નક્કી કરેલ વિષયો પર વચનામૃતના ઉપદેશને અનુરૂપ પ્રવચન રજૂ કરવાનું રહેશે.

● **પ્રવચનના વિષયો :**

(૧) યુવાનોનું પથદર્શક વચનામૃત

(૨) વર્તમાન સામાજિક સમસ્યાઓનું સમાધાન વચનામૃત

(૩) વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણની **યથાર્થ** ઓળખ

(૪) સાધનામાં ગુણાતીત સત્પુરુષની અનિવાર્યતા

- ઉપરના વિષયોમાંથી કોઈપણ એક વિષય પર ૭ મિનિટનું પ્રવચન તૈયાર કરી સ્પર્ધામાં રજૂ કરવાનું રહેશે. પ્રવચનની તૈયારી સ્પર્ધકે પોતે કરવાની છે. બીજા પાસેથી માત્ર માર્ગદર્શન મેળવી શકાશે.
- પ્રવચનના મુદ્દા સાથે રાખવાની છૂટ છે. કોઈ પણ સ્પર્ધકે પ્રવચન ગોખવાનું નથી. મુદ્દાના આધારે જ રજૂઆત કરવાની છે. પ્રવચન ગોખેલું માલૂમ પડશે તો તે સ્પર્ધકને પ્રવચનની સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે. કાગળમાં માત્ર મુદ્દાઓ જ લખેલા હોવા જોઈએ. જોઈજોઈને બોલવાનું નથી.
- ૬ મિનિટે પ્રથમ ઘંટડી વાગશે. ૭ મિનિટે વક્તવ્ય પૂરું કરવાનું રહેશે. પ્રવચન ઊભા ઊભા કરવાનું રહેશે.
- પ્રવચન પૂર્વે શ્રી સ્વામિનારાયણ ભગવાનની જય, અક્ષરપુરુષોત્તમ મહારાજની જય, પ્રમુખસ્વામી મહારાજની જય અને મહંતસ્વામી મહારાજની જય એ ચાર જય બોલાવી પ્રવચનની શરૂઆત કરવી. જય બોલવાનો સમય પ્રવચનના સમયમાં ગણાશે નહિ.

● **ગુણપ્રદાન પદ્ધતિ :**

૧) મુદ્દાની સ્પષ્ટતા - ૨૦

૨) વિગત વૈવિધ્ય - ૨૦

૩) રજૂઆત શૈલી - ૨૦

૪) ભાષાવૈભવ - ૧૦

૫) ક્રમ પ્રવાહ - ૧૦

૬) આરંભ-અંત - ૦૫
૭) સમયમર્યાદા - ૦૫
૮) સમગ્ર અસર - ૧૦

કુલ ગુણ - ૧૦૦

**(૪.૨) નિરૂપણ સ્પર્ધા :** આ સ્પર્ધામાં સાંપ્રદાયિક લઢણ પ્રમાણે વચનામૃતના વિધાનનું વાંચન કરીને ત્યારબાદ તે વિધાન પર નિરૂપણ કરવાનું રહેશે.

- **નિરૂપણ માટે વચનામૃતનાં વચનો :**

(૧) **વચનામૃત : ગ. પ્ર.-૧૬ :** 'જે ભગવાનના ભક્તને સત્-અસત્નો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે અને વિચારીને તેનો ત્યાગ કરી દે. અને સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય તો તેને ત્યાગ કરી દે અને તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે.'

(૨) **વચનામૃત : ગ. પ્ર. - ૧૮ :** પંચ ઈન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે તે આહાર જો શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ થાશે, અને અંતઃકરણ શુદ્ધ થાશે તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે. અને જો પંચ ઈન્દ્રિયોના આહારમાંથી એક ઈન્દ્રિયનો આહાર મલિન થાય છે તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે.

(૩) **વચનામૃત : ગ. પ્ર. - ૫૪ :** 'સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે.'

(૪) **વચનામૃત : ગ. પ્ર. - ૭૧ :** ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.'

(૫) **વચનામૃત : લોયા-૩ :** જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે.'

(૬) **વચનામૃત : ગ. મ. - ૨૫ :** 'જેવું ઉકાખાચરને સંતની સેવા કર્યાનું વ્યસન પડ્યું છે તેવી રીતે ભગવાન તથા ભગવાનના સંત તેની સેવા કર્યાનું જેને વ્યસન પડે ને તે વિના એક ક્ષણમાત્ર પણ રહેવાય નહીં, તો એના અંતઃકરણની જે મલિન વાસના તે સર્વે નાશ પામી જાય છે.'

★ ઉપરોક્ત ૬ વચનામૃતના ફકરામાંથી કોઈપણ એકનું ૭ મિનિટનું નિરૂપણ તૈયાર કરી સ્પર્ધામાં રજૂ કરવાનું રહેશે.

★ સ્પર્ધાની શરૂઆતમાં પ્રવચન સ્પર્ધાની જેમ ચાર જય બોલવાની રહેશે.

★ ત્યારબાદ 'સ્વામિનારાયણ હરે' કહીને વચનામૃતનો નંબર તથા મથાળું બોલવાનું રહેશે. ત્યારબાદ 'સ્વામિનારાયણ હરે...' કહીને વચનામૃતના ફકરાનું વાંચન કરવાનું રહેશે.

★ તિથિ-સાલ ને મૂર્તિના વર્ણનનો ફકરો સ્પર્ધા દરમ્યાન વાંચવાનો નથી.

★ ત્યારપછી નિરૂપણની શરૂઆત કરવાની રહેશે. નિરૂપણની શરૂઆત થશે ત્યારથી સમય ગણવામાં આવશે.

★ નિરૂપણની સમયમર્યાદા ૭ મિનિટની રહેશે. નિરૂપણ દરમ્યાન છઠ્ઠી મિનિટે ઘંટડી વાગશે અને સાતમી મિનિટે રજૂઆત બંધ કરવાની રહેશે.

★ નિરૂપણમાં મુદ્દાઓ સાથે રાખી શકાશે. નિરૂપણ ગોખવાનું નથી, પરંતુ મુદ્દાઓ ઉપરથી નિરૂપણ કરવાનું રહેશે. કાગળમાં માત્ર મુદ્દો જ જોવાનો રહેશે. જો કાગળમાંથી જોઈજોઈને નિરૂપણ કરવામાં આવશે તો તે સ્પર્ધકને આ સ્પર્ધામાથી રદ કરવામાં આવશે.

● **ગુણપ્રદાન પદ્ધતિ :**

| | |
|---|---|
| ૧) વાંચનની લઢણ | - ૧૦ |
| ૨) મુદ્દાની સ્પષ્ટતા | - ૩૦ |
| ૩) વિગતવૈવિધ્ય | - ૨૦ |
| ૪) રજૂઆત-શૈલી | - ૨૦ |
| ૫) સમાપન | - ૦૫ |
| ૬) સમયમર્યાદા | - ૦૫ |
| ૭) સમગ્ર અસર | - ૧૦ |
| કુલ ગુણ | - ૧૦૦ |

● **પ્રવચન તથા નિરૂપણ સ્પર્ધાની ગુણદાન પદ્ધતિની સમજૂતી :**

(૧) **મુદ્દાની સ્પષ્ટતા :** વિષયને અનુરૂપ જે મુદ્દો રજૂ કરવો છે, તે કેટલો સ્પષ્ટ રીતે કહેવાય છે ? લીધેલી વિગતો તથા તેનો બોધ (પ્રત્યેક વિગત દ્વારા શું કહેવું છે તે) કેટલી સ્પષ્ટ રીતે રજૂ થાય છે ? લીધેલ વિગતો વિષયને અનુરૂપ છે કે નહિ ? આ બાબતોને આધારે મુદ્દાની સ્પષ્ટતા નક્કી થાય. ટૂંકમાં, જે મેટર પસંદ કરવામાં આવે તથા તે જે રીતે બોલાય, તે કેટલા પ્રમાણમાં વિષયને અનુરૂપ

છે ? તથા સામેવાળાને સમજાય જાય તેવી સ્પષ્ટતાથી રજૂ થયું છે કે નહિ ? તેને મુદ્દાની સ્પષ્ટતા કહેવાય.

(૨) **વિગત વૈવિધ્ય :** આમાં બે બાબતો છે. પહેલી બાબત વિગતોનું વૈવિધ્ય એટલે કે પ્રસંગ, દૃષ્ટાંત, તર્ક, ક્વોટેશન, અન્ય ભાષાનો ઉપયોગ, શાસ્ત્રપ્રમાણ, કાવ્ય, સાખી, શ્લોક, સુવિચાર, મનન વગેરે જેવી વિવિધતાસભર વિગતોનો સપ્રમાણ સમાવેશ થયો છે તે વિગત વૈવિધ્ય ગણાય અને બીજી બાબત વિગતની રજૂઆતનું વૈવિધ્ય એટલે કે પ્રત્યેક વિગતની રજૂઆતમાં કેવું વૈવિધ્ય ઉમેરવામાં આવ્યું છે તે.

(૩) **રજૂઆત શૈલી :** હાવભાવ, બોલવાનો પ્રવાહ, સાતત્ય, આરોહ-અવરોહ, આંખનો સંપર્ક વગેરે...

(૪) **ભાષાવૈભવ : (માત્ર પ્રવચન સ્પર્ધામાં)** ભાષાની સરળતા, સાહજિકતાની સાથે સાથે ભાષાકીય શણગારોથી ભાષાવૈભવ રચાય છે. યોગ્ય શબ્દો, વાક્ય રચના, ઉપમાઓ, રૂપક, પ્રાસનો મેળ, સ્પષ્ટ અને સચોટ વાક્યો વગેરે બાબતોનો સમાવેશ ભાષાવૈભવમાં થાય. ભાષાવૈભવનો હેતુ એ છે કે જે વાત રજૂ કરવાની છે, તે સરળતાથી અને સ્પષ્ટ રીતે સમજાઈ જાય, છતાં અસરકારક અને પ્રભાવક લાગે.

(૫) **ક્રમપ્રવાહ - સાંકળી (માત્ર પ્રવચન સ્પર્ધામાં) :** પ્રવચનનું આખું માળખું, મુદ્દાઓની તથા વિગતોની ગોઠવણી, એક મુદ્દા કે વિગત પછી બીજો મુદ્દો કે વિગત રજૂ કરવા બંને વચ્ચે કેવો સંબંધ સાંકળ્યો છે ? વગેરે બાબતોની ગણના ક્રમપ્રવાહમાં થાય.

(૬) **આરંભ-અંત (નિરૂપણ સ્પર્ધામાં સમાપન) :** આરંભ અને અંતની યોગ્યતા અને અસરકારકતાને ધ્યાનમાં લઈ ગુણપ્રદાન થશે.

(૭) **સમયમર્યાદા :** નક્કી કરેલ સમયથી ૨૦ સેકન્ડથી વધુ સમય થશે તો સમયમર્યાદાના એક પણ ગુણ મળશે નહી.

(૮) **સમગ્ર અસર :** ઉપરોક્ત ગુણપ્રદાનની બાબતો ઉપરાંત નિર્ણાયકને પોતાને પ્રવચન તથા રજૂઆત કેવી લાગી તેને આધારે નિર્ણાયક સમગ્ર અસરના ગુણ આપશે.

(૯) **વાંચનની લઢણ (માત્ર નિરૂપણ સ્પર્ધામાં) :** વચનામૃત વાંચવાની સાંપ્રદાયિક લઢણ તથા એક વિશિષ્ટ લહેકો તથા વાંચતી વખતે યોગ્ય સ્થાને વિરામ લેવામાં આવે છે કે નહિ તે ધ્યાનમાં લેવાશે.

## ૫. નિબંધ લેખન સ્પર્ધા

આ સ્પર્ધા મરજિયાત છે.

(૧) **સ્પર્ધા** માટે કુલ ૮ વિષયો નક્કી કરવામાં આવ્યા છે. જેમાં ગ્રુપ-Aમાં ૪ વિષય અને ગ્રુપ-**B**માં ૪ વિષય છે. ગ્રુપ-Aના વિષયોની તૈયારી માટે 'ચલો ચલે હમ અક્ષરધામ' અથવા '**એક જ નિશાન અક્ષરધામ**' એ પુસ્તક સંદર્ભ તરીકે ઉપયોગી થશે. ગ્રુપ-**B**ના વિષયોની તેયારી માટે કોઈ સંદર્ભ પુસ્તક નથી. સ્પર્ધકે બેમાંથી કોઈપણ એક ગ્રુપના વિષયો તૈયાર કરવાના રહેશે.

(૨) **સ્પર્ધાના એક કલાક પહેલા ગ્રુપ-Aનો એક વિષય અને ગ્રુપ-Bનો એક વિષય જણાવવામાં આવશે, તેમાંથી સ્પર્ધકે પોતે જે ગ્રુપના વિષયો તૈયાર કર્યા હોય તે ગ્રુપના એક વિષય પર નિબંધ લખવાનો રહેશે.**

(૩) **વિષય જણાવ્યા બાદ એક કલાક પૂર્વતૈયારી માટે આપવામાં આવશે. જેમાં સંદર્ભ પુસ્તકો, વચનામૃત તથા અગાઉ પોતે કરેલી નોંધ સાથે રાખી શકાશે. આ સમયે દરેક સ્પર્ધકને એક A4 સાઈઝનો એક કાગળ આપવામાં આવશે જેમાં નિબંધના માત્ર મુદ્દાની નોંધ કરી શકાશે.**

(૪) પૂર્વતૈયારીના એક કલાક બાદ નિબંધ લેખન માટે એક કલાક આપવામાં આવશે.

(૫) નિબંધ લેખન દરમ્યાન માત્ર A4 સાઈઝના પેપરમાં પૂર્વતૈયારી વખતે કરેલી નોંધ અને વચનામૃતના ગ્રંથ સાથે રાખી તેનો ઉપયોગ કરી શકાશે.

(૬) નિબંધ લગભગ ૧૦૦૦ શબ્દોમાં લખવાનો રહેશે. આશરે ૩ થી ૪ પાનાં.

(૭) ગ્રુપ-Bનો વિષય પસંદ કરી નિબંધ લખનારને પ્રાપ્ત ગુણના ૫% બોનસ ગુણ મળશે.

(૮) નિબંધ ગુજરાતી, અંગ્રેજી તથા હિન્દીમાંથી કોઈપણ ભાષામાં લખી શકાશે.

(૯) સંદર્ભ પુસ્તક માત્ર ગુજરાતીમાં ઉપલબ્ધ છે

(૧૦) વચનામૃતનો અંગ્રેજી તથા હિન્દી અનુવાદ પ્રાપ્ય છે.

- **નિબંધના વિષયો :**
  - **ગ્રુપ-A : સંદર્ભ પુસ્તક :** ચલો ચલે હમ અક્ષરધામ / એક જ નિશાન અક્ષરધામ

    (૧) બુદ્ધિશાળી કોણ ? (વચનામૃત : પંચાળા-૧ના આધારે)

    (૨) ધ્યેયની દૃઢતા અને સિદ્ધિ (વચનામૃત : ગઢડા મધ્ય-૨૨ના આધારે)

    (૩) શૂરવીર કોણ ? (વચનામૃત ગઢડા મધ્ય-૨૨ના આધારે)

    (૪) વચનામૃત : ગઢડા અંત્ય-૨૪માં જણાવેલ સુખ પ્રાપ્તિનાં સાધનોની સિદ્ધિનો ઉપાય : સંત સમાગમ

■ **ગ્રુપ-B :** અહીં વચનામૃતનાં વિધાનો આધારિત ૪ વિષયો આપવામાં આવ્યા છે. દરેક વિષયને અનુરૂપ મુખ્ય વિધાન અત્રે આપેલું છે. એ વિધાનમાં જે વાત કહેવાઈ છે તેને આધારે આપેલા વિષયનું વિવરણ, એ અંગેના સ્વવિચાર, અનુભવો, વિગતો તથા પુષ્ટિ માટે અન્ય વચનામૃતનાં વિધાનો વગેરે નિબંધમાં લઈ શકાય.

**(૧) દુઃખમુક્તિનો ઉપાય સ્વભાવમુક્તિ :**

**વિધાન :** વચનામૃત : ગઢડા અંત્ય - ૩૮ : ''એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા-ઊઠ્યાની વાસના તથા રસને વિષે જિહ્વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહીં; માટે જેને સુખ ઈચ્છવું હોય તેને એવા સ્વભાવ હોય તો ટાળવા.''

**(૨) રોજિંદા જીવનમાં સવળો વિચાર :**

**વિધાન :** વચનામૃત ગઢડા પ્રથમ-૧૬ : 'સવળો વિચાર હોય તેને ગ્રહણ કરે અને અવળો વિચાર હોય તેનો ત્યાગ કરે. એવી રીતે જે વર્તતો હોય ત્યારે જાણીએ જે, તેને વિવેક છે.'

**(૩) સંગની અસર :**

**વિધાન :** વચનામૃત : ગઢડા પ્રથમ-૧૮ : હવેલી અને ઝૂંપડીનું દૃષ્ટાંત અને તેનો સિદ્ધાંત

**(૪) ધર્મ-નિયમનું સુરક્ષા ચક્ર :**

**વિધાન :** વચનામૃત : ગઢડા પ્રથમ-૩૪ : 'પરમેશ્વરના વચનને મૂકીને જ્યારે આડો-અવળો ડોલે છે ત્યારે ક્લેશને પામે છે અને જો વચનને વિષે રહે તો જેવો ભગવાનનો આનંદ છે તેવા આનંદમાં રહે છે.'

● ગુણપ્રદાન પદ્ધતિ :

| | |
|---|---|
| (૧) વિષયની સ્પષ્ટતા | - ૩૦ |
| (૨) વિગત વૈવિધ્ય | - ૨૦ |
| (૩) ભાષા શૈલી | - ૨૦ |
| (૪) મૌલિકતા : વિચાર-કલ્પના | - ૨૦ |
| (૫) સમગ્ર અસર | - ૧૦ |
| કુલ ગુણ | - ૧૦૦ |

## ૬. પોસ્ટર સ્પર્ધા

આ સ્પર્ધા અખિલ ભારતીય સ્તરે યોજાશે.

૧. પોસ્ટર કોમ્પ્યુટરમાં બનાવવાના રહેશે. તે માટે ફોટોશોપ, કોરલ ડ્રો અથવા કોઈ પણ સોફ્ટવેર વાપરી શકાશે.

૨. આ વ્યક્તિગત સ્પર્ધા છે. સ્પર્ધકે જાતે જ પોસ્ટર બનાવવાનું રહેશે.

૩. પોસ્ટરની સાઈઝ ૧૨ × ૧૮ ઈંચ (A3) રાખવી.

૪. **પોસ્ટરના વિષય અંગે :** વચનામૃત વસાવવા તથા વાંચવાની પ્રેરણા મળે તે હેતુને ધ્યાનમાં રાખીને પોસ્ટર બનાવવું. એટલે પોસ્ટરનો વિષય 'વચનામૃત મહિમા', 'વચનામૃતની વિશેષતા' 'વચનામૃતની ઉપયોગિતા' આ પ્રકારના કોઈપણ વિષય રાખી શકાય.

૫. પોસ્ટરમાં એક ટેગ લાઈન લખવાની રહેશે.
દા.ત. : જીવન બને અમૃત, જબ સાથ હો વચનામૃત

૬. પોસ્ટરમાં અંગ્રેજી, હિન્દી કે ગુજરાતી - ત્રણેયમાંથી કોઈપણ ભાષાનો ઉપયોગ કરી શકાશે.

૭. હાલમાં આવતી એડવર્ટાઈઝના સીધા જ સ્લોગન કે વાક્યો પોસ્ટરમાં વાપરી શકાશે નહીં. વચનામૃતના કોઈપણ વાક્ય - શબ્દોનો ઉપયોગ કરી શકાય. વચનામૃત માટે કહેલ કોઈપણ મહાપુરુષ-મહાનુભાવના મહિમા-વાક્યોનો ઉપયોગ કરી શકાય.

૮. વચનામૃતના મહિમાને છાજે તેવી જ ઈમેજ-ડિઝાઈન-લે-આઉટનો ઉપયોગ કરવો.

૯. આ સ્પર્ધામાં પોસ્ટરમાં વિષયની પ્રસ્તુતિ કેટલી અર્થસભર અને અર્થપૂર્ણ છે, તેમજ તેના આર્ટવર્ક, ડિઝાઈનવર્કના આધારે ગુણપ્રદાન કરવામાં આવશે.

૧૦.તા.૩૦, એપ્રિલ ૨૦૧૯ સુધીમાં સ્પર્ધકે પોસ્ટર બનાવીને તેની JPG ફાઈલ સત્સંગ પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલયમાં ઈમેઈલ (spco@in.baps.org) દ્વારા કે ગુગલ ફોર્મ દ્વારા મોકલવાની રહેશે. મોડા આવેલ પોસ્ટર સ્પર્ધામાંથી રદ ગણાશે.

૧૧.સ્પર્ધકે પોતાનું નામ, મંડળ, ક્ષેત્ર તેમજ મોબાઈલ નંબરની વિગત પોસ્ટરની સાથે લખીને મોકલવી.

૧૨.મધ્યસ્થ કાર્યાલયમાં પોસ્ટરની ચકાસણી થયા બાદ અખિલ ભારતીય અધિવેશન માટે સ્પર્ધકની પસંદગી કરવામાં આવશે. અખિલ ભારતીય અધિવેશન માટે પસંદ થયેલ સ્પર્ધકને અધિવેશન સ્થળે બોલાવવામાં આવશે. ત્યાં નિર્ણાયકો દ્વારા પોસ્ટરનાં થીમ, ડિઝાઈન, લે-આઉટ તથા સોફ્ટવેર અંગે સ્પર્ધકને મૌખિક પ્રશ્નો પૂછવામાં આવશે, તેના આધારે વિજેતા નક્કી થશે.

## ૭. સંવાદ સ્પર્ધા

૧. આ સ્પર્ધામાં વચનામૃતનાં ઉપદેશ કે સંદેશને રજૂ કરતો સંવાદ લખવાનો તથા સ્પર્ધા સમયે ભજવવાનો રહેશે.

૨. આ સ્પર્ધામાં કોઈ પણ મંડળ/ક્ષેત્રના યુવક/યુવતીઓ ટીમ બનાવીને ભાગ લઈ શકશે, જેમાં એક યુવક/યુવતી લીડર હોય, જેણે સ્પર્ધાનું આવેદનપત્ર ભરવાનું રહેશે.

૩. **સમગ્ર વચનામૃતમાંથી કોઈ પણ ઉપદેશવચન કે મુદ્દો લઈને સંવાદ તૈયાર કરી શકાશે. કેવા ઉપદેશવચ અને મુદ્દાઓ લઈ શકાય તેના કેટલાંક ઉદાહરણો પરિશિષ્ટ-૧માં આપેલ છે.**

૪. સંવાદની સમય મર્યાદા ૧૦ મિનિટની રહેશે.

૫. સંવાદનું લેખન સત્સંગી યુવકો/યુવતીઓ દ્વારા જ કરાવવાનું રહેશે. જરૂર પડે તો માત્ર સંવાદનો પ્લોટ વિચારવા પૂરતું સંતો / હરિભક્તો / ગુણભાવીઓનું માર્ગદર્શન લઈ શકશે.

૬. વચનામૃતનાં જે ઉપદેશવચન કે મુદ્દાની સ્ક્રીપ્ટ લખવા માટે પસંદગી કરવામાં આવે તે ઉપદેશવચન કે મુદ્દાને અનુરૂપ વચનામૃતના ક્વોટેશનનો સ્ક્રીપ્ટમાં કોઈક રીતે ઉલ્લેખ કરવો અનિવાર્ય છે અથવા તો તેને સમગ્ર સ્ક્રીપ્ટનો મધ્યવર્તી વિચાર તરીકે લઈને જ સ્ક્રીપ્ટ લખવી.

૭. એક યુવક અથવા યુવકોની ટીમ દ્વારા પણ સ્ક્રીપ્ટ લખી શકાય. જે ક્ષેત્રમાંથી સ્પર્ધામાં ભાગ લીધો હોય તે ક્ષેત્રના સત્સંગી યુવક/યુવકોની ટીમ અથવા તે ક્ષેત્રના સંત નિર્દેશક હેઠળ આવતા અન્ય ક્ષેત્રોમાંથી કોઈપણ સત્સંગી યુવક/યુવકોની ટીમ જ સ્ક્રીપ્ટનું લેખન કરી શકશે.

૮. જે ક્ષેત્રમાંથી સ્પર્ધામાં ભાગ લીધો હશે તે ક્ષેત્રના સત્સંગી યુવકોએ જ સંવાદમાં પાત્ર તરીકે અભિનય કરવાનો રહેશે.

૯. સંવાદમાં અભિનય કરનાર દરેક યુવક અધિવેશનનો સ્પર્ધક ગણાશે એટલે કે દરેકે મુખપાઠ અને પ્રશ્નોત્તરી સ્પર્ધામાં ઈનામની પાત્રતા માટે નક્કી કરેલ લઘુત્તમ પરિણામ પ્રાપ્ત કર્યું હશે તો જ વિજેતા સંવાદ ઈનામને પાત્ર ગણાશે.

૧૦. સંવાદ ભજવવા માટે વધારેમાં વધારે ૬ પાત્રો રાખી શકાશે. કદાચ જો તેનાં કરતાં વધારે પાત્રો રાખવાની જરૂર પડે તો અન્ય સ્પર્ધાઓમાં ભાગ લીધો હોય તેવા આપનાં જ મંડળ / ક્ષેત્રના યુવકોનો ઉપયોગ કરવાનો રહેશે.

૧૧. સંવાદના ડિરેક્શન માટે સત્સંગી યુવકો જ રહી શકશે. બીન સત્સંગી કે ગુણભાવી ડાયરેક્ટરનો ઉપયોગ કરવો નહીં.

૧૨. સંવાદનું પ્રી-રેકોર્ડીંગ કરવું હોય તો કરી શકાશે તે માટે તથા બેકગ્રાઉન્ડ મ્યુઝિક માટે પ્રોફેશનલ માણસોની મદદ લઈ શકાશે. જો તેનો ખર્ચ થવાનો હોય તો સંત નિર્દેશક તથા કોઠારી સ્વામીની અનુમતિ અવશ્ય લેવી.

૧૩. જો સંવાદ લાઈવ ડાયલોગ બોલીને ભજવવો હોય તો ડાયલોગ બોલનાર પાત્રોને માઈક આપવામાં આવશે.

૧૪. સંવાદ ભજવવા માટે સામાન્ય પ્રોપર્ટીઝ તથા બેકગ્રાઉન્ડ સેટનો ઉપયોગ કરી શકાશે. પરંતુ એ ખ્યાલ રાખવો કે પ્રોપર્ટી તથા સેટ સરળતાથી તથા ઝડપથી લઈને - ગોઠવી શકાય તેવાં હોવા જોઈએ.

૧૫. સંવાદની સ્ક્રીપ્ટ લખીને તા. ૨૮ ફેબ્રુ-૨૦૧૯ સુધીમાં મધ્યસ્થ કાર્યાલયમાં મોકલવાની રહેશે. મધ્યસ્થ કાર્યાલયમાંથી મંજૂરી આપવામાં આવે તે પછી જ આગળની કાર્યવાહી થઈ શકશે.

૧૬. એકવાર મંજૂર થઈ ગયેલી સ્ક્રીપ્ટમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરી શકાશે નહીં.

૧૭. ફાઈનલ સ્ક્રીપ્ટની એક કોપી મધ્યસ્થ કાર્યાલયમાં જમા કરાવવાની રહેશે.

● **ગુણપ્રદાન પદ્ધતિ :**

| | |
|---|---|
| (૧) વિષય વસ્તુ અને પ્લોટ | - ૨૦ |
| (૨) ડાયલોગ લેખન | - ૨૦ |
| (૩) અભિનય | - ૨૦ |
| (૪) ડિરેક્શન | - ૨૦ |
| (૫) સમય મર્યાદા | - ૧૦ |
| (૬) સમગ્ર અસર | - ૧૦ |
| | **૧૦૦ માર્કસ** |

● **નોંધ :** લાઈવ ડાયલોગ બોલીને સંવાદ ભજવાશે તો અભિનયના મુદ્દા હેઠળ ડાયલોગ ડિલીવરી પણ ગણાશે.

## ૮. વીડિયો શો અથવા શોર્ટફિલ્મ મેકિંગ સ્પર્ધા

**આ બંને સ્પર્ધા અખિલ ભારતીય સ્તરે જ યોજાશે.**

**(૮.૧) વીડિયો શો સ્પર્ધા :**

૧. આ સ્પર્ધામાં વચનામૃત આધારિત એક વીડિયો શો બનાવવાનો રહેશે.

૨. વીડિયો શો સ્પર્ધામાં ક્ષેત્રના કોઈ એક યુવક/યુવતી સ્વતંત્ર રીતે ભાગ લઈ શકશે. અથવા તો કોઈ પણ મંડળ/ક્ષેત્રના યુવક/યુવતીઓ ટીમ બનાવીને ભાગ લઈ શકશે, જેમાં એક યુવક/યુવતી લીડર હોય, જેણે સ્પર્ધાનું આવેદનપત્ર ભરવાનું રહેશે.

૩. વીડિયો શોની મહત્તમ સમય મર્યાદા ૫ મિનિટની રહેશે.

૪. નીચે જણાવેલ મુદ્દાઓમાંથી કોઈપણ એક મુદ્દાને મધ્યવર્તી વિચાર તરીકે પસંદ કરીને તેના પર વીડિયો શો બનાવવાનો રહેશે.

(A) વચનામૃતનો પરિચય (ઉદ્‌બોધક, સંપાદક વગેરે...)

(B) વચનામૃતનો મહિમા સમજાવતા મુદ્દાઓ દા.ત.,

(૧) વચનામૃત સર્વ શાસ્ત્રોનો સારભૂત છે.

(૨) વચનામૃતની અદ્વિતીયતા

(૩) વચનામૃતની પ્રમાણભૂતતા

(૪) વચનામૃતની જીવનમાં ઉપયોગીતા

(૫) સાધનામાર્ગનું પથદર્શક ‘વચનામૃત’

(૬) વચનામૃત ગ્રંથની અન્ય વિશેષતાઓ... વગેરે...

(C) વચનામૃતના ઉપદેશમાંથી કોઈ વિષય દા.ત. કુસંગ, સત્પુરુષનો મહિમા વગેરે...

૫. વીડિયો શો સંપૂર્ણપણે સત્સંગી યુવકો/યુવતીઓ દ્વારા જ તૈયાર થયો હોવો જોઈએ. એટલે કે થીમ, ડિઝાઈન, સ્ક્રીપ્ટ લેખન, ગ્રાફિક્સ, વીડિયોગ્રાફી, વીડિયો એડિટીંગ વગેરે સત્સંગી યુવકો/યુવતીઓ દ્વારા જ કરાવવું. જરૂર પડે તો માત્ર વીડિયો શોનો પ્લોટ વિચારવા પૂરતું સંતો/હરિભક્તો/ગુણભાવીઓનું માર્ગદર્શન લઈ શકશે.

૬. જે ક્ષેત્રમાંથી સ્પર્ધામાં ભાગ લીધો હોય તે ક્ષેત્રના કોઈ સત્સંગી યુવક/યુવકોની ટીમ અથવા તે ક્ષેત્રના સંત નિર્દેશક હેઠળ આવતા અન્ય ક્ષેત્રોમાંથી જ કોઈપણ સત્સંગી યુવક/યુવકોની ટીમ દ્વારા વીડિયો શો તૈયાર કરી શકશે.

૭. સંસ્થા દ્વારા પ્રકાશિત થયેલ વીસીડી/ડીવીડીમાંથી વીડિયો ક્લીપ લઈ શકાશે, પણ પસંદ કરેલ વિષયના આધારે પ્રકાશિત થયેલ વીડિયો શો સીધે સીધો નહીં લઈ શકાય. જો તે મુજબ કરવામાં આવશે તો તે વીડિયો શો સ્પર્ધામાંથી રદ કરવામાં આવશે. અન્ય કોઈએ તૈયાર કરેલ વીડિયો શો પણ સીધે સીધો લઈ શકાશે નહીં. તેમાંથી નાની ક્લીપ લઈ શકાય.

૮. વીડિયો શોમાં આપણી સાંપ્રદાયિક સ્ત્રી-પુરુષ મર્યાદા મુજબ જ વીડિયો ક્લીપ, ચિત્રો, શબ્દો, ડાયલોગ તથા ગીત-મ્યુઝીકનો ઉપયોગ કરી શકાશે.

૯. કોઈપણ ફિલ્મ, સીરિયલ, એડ વગેરેનાં દૃશ્યો કે મ્યુઝિક, ગીત વગેરે વીડિયો શોમાં વાપરી શકાશે નહીં.

૧૦. વચનામૃતનાં કોઈ ઉપદેશવચન કે મુદ્દાની વીડિયો શો માટે પસંદગી કરવામાં આવે તો તે ઉપદેશવચન કે મુદ્દાને અનુરૂપ વચનામૃતના ક્વોટેશનનો વીડિયો શોમાં કોઈક રીતે ઉલ્લેખ કરવો અનિવાર્ય છે અથવા તો તેને સમગ્ર વીડિયો શો મધ્યવર્તી વિચાર તરીકે લઈને વીડિયો શો બનાવવો.

૧૧. વીડિયો શોનું યોગ્ય 'ટાઈટલ' પણ અવશ્ય આપવું.

૧૨. એ વાતનું ખાસ ધ્યાન રાખવું કે વીડિયો શોમાં સંસ્થા કે સિદ્ધાંત વિરુદ્ધ કાંઈ પણ ન હોય, ઉપરાંત અન્ય કોઈ ધર્મ કે સંપ્રદાયનું ખંડન પણ ન થતું હોવું જોઈએ.

૧૩. વીડિયો શોની સ્ક્રીપ્ટ લખીને તા. ૨૮ ફેબ્રુઆરી સુધીમાં મધ્યસ્થ કાર્યાલયમાં મોકલવાની રહેશે. મધ્યસ્થ કાર્યાલયમાંથી મંજૂરી આપવામાં આવે તે બાદ જ આગળની કાર્યવાહી થઈ શકશે.

૧૪. એકવાર મંજૂર થઈ ગયેલી સ્ક્રીપ્ટમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરી શકાશે નહીં.

૧૫. ફાઈનલ સ્ક્રીપ્ટની એક કોપી મધ્યસ્થ કાર્યાલયમાં જમા કરાવવાની રહેશે.

૧૬. વીડિયો શોમાં શુટિંગ કરવું પડે તો તે માટે જરૂરી સાધનો જેવા કે કેમેરા, લેન્સ, લાઈટ્સ, પ્રોપર્ટીઝ વગેરે શક્ય હોય ત્યાં સુધી ભાડેથી ન લાવતાં સેવામાં જ મળી જાય તેવું આયોજન કરવું અને જો સેવામાં થાય એમ ન જ હોય તો સંત નિર્દેશક અથવા કોઠારી સ્વામીની પરવાનગી લઈને જ આગળ વધવું.

૧૭. વીડિયો શો તૈયાર કરવામાં જે કાંઈપણ ખર્ચ કરવાનો થાય તો સંત નિર્દેશક તથા કોઠારી સંતની અનુમતિ બાદ જ ખર્ચો કરવો.

૧૮. ૩૦ એપ્રિલ ૨૦૧૯ સુધીમાં વીડિયો શો તૈયાર કરીને સત્સંગ પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય ઉપર તેની Full HD (1920 x 1080) રીઝોલ્યુશનવાળી Mp4 ફાઈલ મોકલવી. મોડા આવનાર વીડિયો શો સ્પર્ધામાંથી રદ ગણાશે.

૧૯. મધ્યસ્થ કાર્યાલય દ્વારા વીડિયો શોની ચકાસણી કર્યા બાદ અખિલ ભારતીય અધિવેશન માટે વીડિયો શોની પસંદગી કરવામાં આવશે. પસંદ થયેલ વીડિયો શોને અખિલ ભારતીય અધિવેશનમાં નિર્ણાયકોની પેનલ સમક્ષ રજૂ કરવામાં આવશે.

૨૦. જો ટીમમાં વીડિયો શો બનાવ્યો હોય તો લીડરે મુખપાઠ અને પ્રશ્નોત્તરી સ્પર્ધામાં ઈનામની પાત્રતા માટે નક્કી કરેલ લઘુત્તમ પરિણામ પ્રાપ્ત કર્યું હશે તો જ વિજેતા વીડિયો શો ઈનામને પાત્ર ગણાશે.

૨૧. જે વીડિયો શો ઈનામને પાત્ર હશે તે તૈયાર કરનાર યુવકો/યુવતીઓએ ઈનામ વિતરણના દિવસે જ અખિલ ભારતીય અધિવેશન સ્થળે આવવાનું રહેશે. તેઓને બે દિવસ અગાઉ જાણ કરવામાં આવશે.

૨૨. અખિલ ભારતીય અધિવેશન પૂર્ણ ન થાય ત્યાં સુધી સ્પર્ધા માટેના વીડિયો શોને અન્ય કોઈ જગ્યાએ (સભા, ઉત્સવ વગેરે...માં) બતાવી નહીં શકાય.

● **ગુણપ્રદાન પદ્ધતિ :**

| | |
|---|---|
| વિષયવસ્તુ અને થીમ | - ૩૦ |
| વિઝ્યુઅલ્સ | - ૨૦ |
| સાઉન્ડ-મ્યુઝિક | - ૨૦ |
| ટેકનિકલ | - ૧૦ |
| સમગ્ર અસર | - ૧૦ |
| સમય મર્યાદા | - ૧૦ |
| | ૧૦૦ |

● **ગુણપ્રદાન પદ્ધતિની સમજૂતી :** વિઝ્યુઅલ્સમાં પસંદ કરેલ દૃશ્યો, ટાઈપોગ્રાફી, ફ્રેમ, કમ્પોઝિશન, ગ્રાફિક્સ, મોશન ઈફેક્ટ વગેરેને આધારે ગુણ પ્રદાન થશે. સાઉન્ડ-મ્યુઝિકમાં પસંદ કરેલ મ્યુઝિકનો લય, અસરકારકતા, વિઝ્યુઅલ્સ સાથે મ્યુઝિકનું સીન્ક્રોનાઈઝેશન અને ટેકનિકલ બાબતોમાં કલર બેલેન્સ, બ્રાઈટનેસ, કોન્ટ્રાસ્ટ, ઈમેજ અને ફૂટેજ ક્વોલિટી તથા આસ્પેક્ટ રેશિયો, ઓડિયો ક્વોલિટી તથા બેલેન્સ વગેરેને આધારે ગુણ પ્રદાન થશે.

**(૮.૨) શોર્ટફિલ્મ મેકિંગ સ્પર્ધા :**

**૧) આ સ્પર્ધામાં વચનામૃતનાં ઉપદેશ કે સંદેશને રજૂ કરતી શોર્ટફિલ્મ બનાવીને રજૂ કરવાની રહેશે.**

**૨) આ સ્પર્ધામાં કોઈ પણ મંડળ/ક્ષેત્રના યુવક/યુવતીઓ ટીમ બનાવીને ભાગ લઈ શકશે, જેમાં એક યુવક/યુવતી લીડર હોય, જેણે સ્પર્ધાનું આવેદનપત્ર ભરવાનું રહેશે.**

**૩) સમગ્ર વચનામૃતમાંથી કોઈ પણ ઉપદેશવચન કે મુદ્દો લઈને શોર્ટ ફિલ્મ તૈયાર કરી શકાશે. કેવાં ઉપદેશવચન અને મુદ્દાઓ લઈ શકાય તેનાં કેટલાંક ઉદાહરણો પરિશિષ્ટ-૧માં આપેલ છે.**

૪) શોર્ટફિલ્મની મહત્તમ સમય મર્યાદા ૫ મિનિટની રહેશે.

૫) વચનામૃતનાં જે ઉપદેશવચન કે મુદ્દાની સ્ક્રીપ્ટ લખવા માટે પસંદગી કરવામાં આવે તે ઉપદેશવચન કે મુદ્દાને અનુરૂપ વચનામૃતના ક્વોટેશનનો સ્ક્રીપ્ટમાં કોઈક રીતે ઉલ્લેખ કરવો અનિવાર્ય છે અથવા તો તેને સમગ્ર સ્ક્રીપ્ટના મધ્યવર્તી વિચાર તરીકે લઈને જ સ્ક્રીપ્ટ લખવી.

૬) શોર્ટફિલ્મનું યોગ્ય ‘ટાઈટલ’ અવશ્ય આપવું.

૭) શોર્ટફિલ્મ સંપૂર્ણપણે સત્સંગી યુવકો/યુવતીઓ દ્વારા જ તૈયાર થઈ હોવી જોઈએ. એટલે કે લેખન, અભિનય, ડિરેક્શન, વીડિયોગ્રાફી, વીડિયો એડિટીંગ વગેરે સત્સંગી યુવકો/યુવતીઓ દ્વારા જ કરાવવું. જરૂર પડે તો માત્ર શોર્ટફિલ્મનો પ્લોટ વિચારવા પૂરતું સંતો / હરિભક્તો / ગુણભાવીઓનું માર્ગદર્શન લઈ શકશે.

૮) શોર્ટફિલ્મમાં ઓડિયો ડબીંગ અથવા મ્યુઝિક માટે પ્રોફેશન માણસોની મદદ લઈ શકાશે. જો તેનો ખર્ચ થવાનો હોય તો સંત નિર્દેશક તથા કોઠારી સ્વામીની અનુમતિ અવશ્ય લેવી.

૯) જે ક્ષેત્રમાંથી સ્પર્ધામાં ભાગ લીધો હોય તે ક્ષેત્રના કોઈ સત્સંગી યુવક/યુવકોની ટીમ અથવા તે ક્ષેત્રના સંત નિર્દેશક હેઠળ આવતા અન્ય ક્ષેત્રોમાંથી જ કોઈપણ સત્સંગી યુવક/યુવકોની ટીમ દ્વારા શોર્ટફિલ્મ તૈયાર કરી શકશે.

૧૦) શોર્ટફિલ્મની સ્ક્રીપ્ટ લખીને તા. ૨૮ ફેબ્રુઆરી સુધીમાં મધ્યસ્થ કાર્યાલયમાં મોકલવાની રહેશે. મધ્યસ્થ કાર્યાલયમાંથી મંજૂરી આપવામાં આવે તે બાદ જ આગળની કાર્યવાહી થઈ શકશે.

૧૧) એકવાર મંજૂર થઈ ગયેલી સ્ક્રીપ્ટમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરી શકાશે નહીં.

૧૨) ફાઈનલ સ્ક્રીપ્ટની એક કોપી મધ્યસ્થ કાર્યાલયમાં જમા કરાવવાની રહેશે.

૧૩) શોર્ટફિલ્મનું શુટીંગ કરવા માટે જરૂરી સાધનો જેવા કે કેમેરા, લેન્સ, લાઈટ્સ, પ્રોપર્ટીઝ વગેરે શક્ય હોય ત્યાં સુધી ભાડેથી ન લાવતાં સેવામાં જ મળી જાય તેવું આયોજન કરવું અને જો સેવામાં થાય એમ ન જ હોય અને ખર્ચ કરવો પડે તેમ હોય તો સંત નિર્દેશક તથા કોઠારી સ્વામીની પરવાનગી લઈને જ આગળ વધવું.

૧૪) શોર્ટફિલ્મમાં જેટલાં પાત્રો લેવા હોય તેટલાં લઈ શકાશે, પરંતુ યુવકો દ્વાર તૈયાર થનાર શોર્ટફિલ્મમાં માત્ર પુરુષ પાત્રો જ રાખી શકાશે તથા યુવતીઓ દ્વારા તૈયાર થનાર શોર્ટફિલ્મમાં માત્ર મહિલા પાત્રો જ રાખી શકાશે.

૧૫) પાત્ર તરીકે યુવકો, બાળકો, વડીલોને લેવા હોય તો તેમાં સત્સંગીને જ લઈ શકાશે.

૧૬) એ વાતનું ખાસ ધ્યાન રાખવું કે શોર્ટફિલ્મમાં સંસ્થા કે સિદ્ધાંત વિરુદ્ધ કાંઈ પણ ન હોય, ઉપરાંત અન્ય કોઈ ધર્મ કે સંપ્રદાયનું ખંડન પણ ન થતું હોવું જોઈએ.

૧૭) શોર્ટફિલ્મ તૈયાર કરવામાં જે કાંઈપણ ખર્ચ કરવાનો થાય તો સંત નિર્દેશક તથા કોઠારી સંતની અનુમતિ બાદ જ કરવો.

૧૮) ૩૦ એપ્રિલ ૨૦૧૯ સુધીમાં શોર્ટફિલ્મ તૈયાર કરીને સત્સંગ પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય ઉપર તેની Full HD (1920 x 1080) રીઝોલ્યુશનવાળી Mp4 ફાઈલ મોકલવી. મોડી આવનાર શોર્ટફિલ્મ સ્પર્ધામાંથી રદ ગણાશે.

૧૯) મધ્યસ્થ કાર્યાલય દ્વારા શોર્ટફિલ્મની ચકાસણી કર્યા બાદ અખિલ ભારતીય અધિવેશન માટે શોર્ટફિલ્મની પસંદગી કરવામાં આવશે. પસંદ થયેલ શોર્ટફિલ્મને અખિલ ભારતીય અધિવેશનમાં નિર્ણાયકોની પેનલ સમક્ષ રજૂ કરવામાં આવશે.

૨૦) શોર્ટફિલ્મ બનાવનાર ટીમના લીડરે મુખપાઠ અને પ્રશ્નોત્તરી સ્પર્ધામાં ઈનામની પાત્રતા માટે નક્કી કરેલ લઘુત્તમ પરિણામ પ્રાપ્ત કર્યું હશે તો જ વિજેતા શોર્ટફિલ્મ ઈનામને પાત્ર ગણાશે.

૨૧) જે શોર્ટફિલ્મ ઈનામને પાત્ર હશે તે શોર્ટફિલ્મ તૈયાર કરનાર યુવકો/યુવતીઓએ ઈનામ વિતરણના દિવસે જ અખિલ ભારતીય અધિવેશન સ્થળે આવવાનું રહેશે. તેઓને બે દિવસ અગાઉ જાણ કરવામાં આવશે.

૨૨) અખિલ ભારતીય અધિવેશન પૂર્ણ ન થાય ત્યાં સુધી સ્પર્ધા માટેની શોર્ટફિલ્મને અન્ય કોઈ જગ્યાએ (સભા, ઉત્સવ વગેરે...માં) બતાવી નહીં શકાય.

● **ગુણપ્રદાન પદ્ધતિ :**

| | |
|---|---|
| (૧) વિષયવસ્તુ અને પ્લોટ | - ૨૦ |
| (૨) ડાયલોગ લેખન | - ૨૦ |
| (૩) અભિનય | - ૨૦ |
| (૪) ડિરેક્શન (સિનેમેટોગ્રાફી, સ્ક્રીનપ્લે વગેરે) | - ૨૦ |
| (૫) ટાઈટલ | - ૦૫ |
| (૬) સમયમર્યાદા | - ૦૫ |
| (૭) સમગ્ર અસર | - ૧૦ |
| | ૧૦૦ |

● **નોંધ :** વીડિયો શો, શોર્ટફીલ્મ તથા સંવાદ માટે પૂ. સંત નિર્દેશક તથા યુવા નિર્દેશક સાથે ચર્ચા વિચારણા કરી નક્કી કરવું કે ક્ષેત્રમાંથી કેટલા સંવાદ, વીડિયો શો અને શોર્ટફિલ્મ તૈયાર કરવી છે અને દરેક સ્પર્ધામાં કોણ કોણ ભાગ લેશે ? અને કેટલો ખર્ચ થશે, કેટલો ખર્ચ કરવો એ ખર્ચની વ્યવસ્થા કેવી રીતે થશે ? વગેરે... ટૂંકમાં ઉપરોક્ત સ્પર્ધાનું આયોજન સંપૂણ રીતે સંત નિર્દેશક તથા યુવા નિર્દેશકના માર્ગદર્શન પ્રમાણે કરવું.

● **પરિશિષ્ટ -૧ સંવાદ તથા શોર્ટફિલ્મ માટેના સૂચિત વચનામૃતના ઉપદેશ વચનો :**

(૧) **દુઃખમાં રાજી : ગઢડા પ્રથમ - ૬૧ :** જેમ જેમ ભગવાન આપણને કસણીમાં રાખે તેમ તેમ વધુ રાજી થવું જોઈએ ...................... પાછો પગ ભરવો નહીં.''

(૨) **ગઢડા અંત્ય - ૧૨ :** જેને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તે સાથે જે હેત રાખે અથવા તેની વાત સાંભળે, તો તે હેતનો કરનારો ને વાતનો સાંભળનારો પણ વિમુખ સરખો થાય.

(૩) **લોયા-૩ :** જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે.

(૪) **ગઢડા પ્રથમ - ૭૦ :** ભગવાનનો નિશ્ચય કરવો તે એકલો પોતાના જીવના કલ્યાણને જ અર્થે કરવો, પણ કોઈક પદાર્થની ઈચ્છાએ કરીને ન કરવો...... (ઈચ્છા પૂરી ન થાય તો નિશ્ચય ઘટી જાય.)

(૫) **ગઢડા પ્રથમ - ૩૪ :** જે ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.

(૬) **ગઢડા પ્રથમ - ૧૬ :** જેણે કરીને પોતાને બંધન થાય અને પોતાને એકાંતિક ધર્મમાં ખોટ્ય આવે એવા જે પદાર્થ તથા કુસંગ તેને ઓળખી રાખે અને તેથી છેટે જ રહે અને તેના બંધનમાં આવે નહીં.

(૭) **ગઢડા પ્રથમ - ૧૮ :** આ જીવ છે તે જેવી સોબત કરે છે તેવું તેનું અંતઃકરણ થાય છે.

(૮) **ગઢડા મધ્ય - ૪૧ :** જેને પરમેશ્વર ભજવા હોય તેને ભગવાનની અથવા ભગવાનના ભક્તની સેવા-ચાકરી મળે ત્યારે પોતાનું મોટું ભાગ્ય માનીને સેવા કરવી. તે પણ ભગવાનની પ્રસન્નતાને અર્થે ને પોતાના કલ્યાણને અર્થે ભક્તિએ કરીને જ કરવી, પણ કોઈક વખાણે તે સારુ ન કરવી.

(૯) **સારંગપુર - ૨ :** સ્નેહ તો રૂપે કરીને પણ થાય છે તથા કામે કરીને પણ થાય છે તથા લોભે કરીને પણ થાય છે તથા સ્વાર્થે કરીને પણ થાય છે તથા ગુણે કરીને પણ થાય છે. તેમાં રૂપે કરીને જે સ્નેહ થાય છે તે તો જ્યારે તેના દેહમાં પિત્ત નીસરે અથવા કોઢ નીસરે ત્યારે સ્નેહ થયો હોય તે નાશ પામે છે; તેમ જ લોભ, કામ અને સ્વાર્થે કરીને જે હેત થયું હોય તે પણ અંતે નાશ પામે છે અને જે ગુણે કરીને સ્નેહ થયો હોય તે તો અંતે રહે છે.

(૧૦) **ગઢડા પ્રથમ - ૮ :** ઇન્દ્રિયોની ક્રિયાને સ્ત્રીઆદિક વિષયમાં પ્રવર્તાવે તો અંતઃકરણ મલિન થઈ જાય છે.


(૧૧) **ગઢડા પ્રથમ - ૨૮ :** અભાવ-અવગુણ લેનારો અર્ધબળ્યા કાષ્ઠની જેમ ધૂંધવાયા કરે સત્સંગનું સુખ ન આવે.

(૧૨) **ગઢડા અંત્ય - ૨ :** જેવી પરોક્ષ દેવને વિષે પ્રીતિ છે તેવી પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો સર્વે અર્થ સિદ્ધ થાય.

(૧૩) **ગઢડા મધ્ય - ૫૭ :** શૂરવીર.... પરમેશ્વરની વાત કર્યામાં કાયરપણું રાખે નહીં.

(૧૪) **ગઢડા મધ્ય - ૫ :** પોતાના પતિનું કોઈ ઘસાતું બોલે તે ઠેકાણે કાયર થઈને ગળી જવું નહિ. અતિશય શૂરવીર થઈને જવાબ આપવો... પણ પાજી પળાવની છાયામાં......

● ● ● ● ●



# યુવા અધિવેશન માટે સ્વામીબાપાનાં પ્રેરણાવચન

યોગીજી મહારાજ યુવાનોને યુવા અધિવેશન
માટે ખુબજ પ્રોત્સાહિત કરતા તેમ સર્વે યુવકો શાસ્ત્રોમાં
આવ્યા છે [illegible] શાસ્ત્રોનું જ્ઞાન [illegible]
તે માટે આવા અધિવેશનનું આયોજન પણ કરેલ હતાં
તો જે કોઈ [illegible] તૈયાર
કરશો યોગીજી મહારાજની [illegible]
[illegible] કરશો [illegible]
રહીશો [illegible]
એવું અદ્ભુત આયોજન [illegible] માટે કાયમ કરશો તો
[illegible] સર્વે યુવકોને [illegible] તે
[illegible] યોગીજી મહારાજની
[illegible]

શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસના
આશીર્વાદ સહ જય સ્વામિનારાયણ